ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૨-૨૦૧૨, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

સ્વાઇન ફ્લૂનો કાળો કેર

વિધાનસભાની ચૂંટણીમાં દિગ્વિજય પ્રાપ્ત કરી લીધા પછી માનનીય મુખ્યમંત્રીશ્રી શિખર પરિષદ (વાઈબ્રન્ટ) અને પતંગ મહોત્સવ જેવાં લોકપ્રિય અનુષ્ઠાનોમાં વ્યસ્ત રહ્યાં અને હવે તો પક્ષના ચૂંટણી પ્રચારનું સુકાન સંભાળવાની નવી જવાબદારી આવી પડતાં એમનો એક પગ દિલ્હીમાં ને બીજો ગાંધીનગર સહિતનાં વિવિધ રાજયોનાં પાટનગરોમાં રહેવાનો છે. સ્વાભાવિક છે કે એમને સ્વાઈન ફ્લુ જેવી તુચ્છ બાબતો પ્રત્યે ધ્યાન આપવાનો સમય ન જ મશે. નાણાંમત્રીની અતિ મહત્વપૂર્ણ જવાબદારી સંભાળી રહેલા સિનિયર કેબિનેટમંત્રી નીતિન પટેલ પાસે જ આરોગ્ય ખાતાનો હવાલો છે. નાણાં સામે બિચારા આરોગ્યની શી વિસાત? આરોગ્યમંત્રી તરીકે આરોગ્ય વિશેના જાણતલની નિમણૂંક થઈ હોય એવા પ્રસંગો ભૂતકાળમાં બન્યા છે. ડૉ. વાસુદેવ ત્રિપાઠી અને ડૉ. ઠાકોરભાઈ પટેલ જેવા મંત્રીઓ એમના વિભાગના તજજ્ઞ હોઈ પરિસ્થિતિની ગંભીરતા સમજી શકતા. જો કે મંત્રી તો નીતિવિષયક નિર્ણય પર મત્તું મારવાનું જ કામ કરતા હોય છે, છતાં પૂર્વ આરોગ્યમંત્રી જયનારાયણ વ્યાસના કાર્યકાળમાં અને એથી અગાઉના મંત્રીમંડળમાં અર્થશાસ્ત્રમાં ડૉકટરેટ થયેલાં ડૉ. કરસનદાસ સોનેરીના કાર્યકાળમાં ગુજરાત રાજયના આરોગ્ય વિભાગની નોંધપાત્ર કામગીરી રહી છે. ક્યારેક રાજકોટના રાજવી મનમોહરસિંહ જાડેજા અને ખેડૂતનેતા સ્વ. વલ્લભભાઈ પટેલ આ ખાતા સાથે સંકળાયેલા રહ્યાં છે. સ્વ. વલ્લભભાઈ પટેલ રીતસર એક વિદ્યાર્થીની જેમ આરોગ્યની એબીસીડીથી શરૂ કરી એની છેલ્લામાં છેલ્લી વિગતોથી માહિતગાર રહેતા હતાં. નીતિનભાઈએ અગાઉ પણ આ વિભાગની કામગીરી સફળતા પૂર્વક સંભાળેલી છે, પરંતુ નાણાંખાતાના અસહ્ય બોજ હેઠળ દબાયેલા હોઈ હાલમાં આખું આરોગ્યચંત્ર અધિકારીઓના હવાલે મૂકી દેવું પડ્યું છે. અધિકારીઓને મંત્રીશ્રી પાસે ચાલતાં ચાલતાં સચિવાલયની લૉબીમાં સહીઓ કરાવી લેવી પડે છે. આ બધા તાલમાં સ્વાઈન ફ્લુ નામના છૂપા રૂસ્તમને છૂટો દોર મળી ગયો છે. આંબા ઉપરથી પાકેલી સાખ પડે એમ ટપોટપ દરદીઓ મરવા લાગ્યાં છે. અધિકૃત આંકડા મુજબ ત્રણેક ડઝન સુધી પહોંચી ગયેલો મૃત્યુઆંક અટકવાનું નામ નથી લેતો. સ્વાઈફ્લુની રેસમાં પણ અત્યારે ચોથા નંબરે ચાલતું ગુજરાત નંબર-વન બની જવા માગે છે કે શું? સોમવારના દિવસે ગુજરાત રાજય સ્ટેટ કૉ-ઓપરેટિવ બેંકના એમ.ડી.નું સ્વાઈન ફ્લુથી મૃત્યુ થતાં હવે આ ગરીબ- મધ્યમવર્ગની બિમારીએ હાઈ પ્રોફાઈલ વ્હાઈટ કૉલર દર્દીઓના બુકડા બોલાવવાના શ્રી ગણેશ કરી દીધા છે. ૧૩૨ નોંધાયેલા દર્દીઓ પૈકી ૩૨ રામશરણ થઈ ચૂક્યા છે. તેર જિલ્લાઓમાં તેનો વિશેષ પ્રભાવ વરતાયો છે, જે પૈકી મુખ્યત્વે રાજકોટ, અમદાવાદ, જામનગર, જૂનાગઢ, કચ્છ અને વડોદરામાં આ બિમારીએ ભારે આતંક મચાવી દીધો છે. આરોગ્યમંત્રીશ્રીએ જનજાગૃતિનાં પગલાં જરૂર લીધાં છે, જેમાં સ્વાઈન ફ્લુનો લેબોરેટરી ટેસ્ટ મફત કરી આપવામાં આવે છે અને એ માટે જરૂરી દવા પણ ચોવીસે કલાક મળી રહે, એવી વ્યવસ્થા ગોઠવાઈ છે. છતાં રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશેલો આ ઘાતકી રોગ કાબૂમાં આવ્યો નથી તે હકીકત છે. આતંકવાદીઓના હુમલા સામે સજજ રહેતું વહીવટી તંત્ર આ જીવલેણ આતંકવાદીને જેર કરી શક્યું નથી તે શું ગુજરાતની પ્રજાની કમનસીબી નથી?

હિલવુડ્સ એકેડેમી ઑફ ટીચર્સ એજ્યુકેશનનો ષષ્ઠમ્ વાર્ષિકોત્સવ આજે ઉજવાશે

ગાંધીનગર, તા.૨૦

હુલવુડ્સ એકેડેમી ઑફ ટીચર્સ એજ્યુકેશનનો ષષ્ઠમ્ વાર્ષિકોત્સવ તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ સાંજે ૪.૦૦ કલાકે યોજવામાં આવશે.

મુખ્ય મહેમાનપદે ડૉ. મુકુલ શાહ પ્રા. વાઈસ ચાન્સલર ગુજરાત યુનિવર્સિટી હાજર રહેશે. હિલવુડ્સ પરિવાર તરફથી જણાવવામાં આવેલ છે. સંસ્થાના પરિસરમાં કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

આજે અશ્વીનભાઈ પાઠકનો સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૨૦

પૂ. અશ્વિનભાઈ પાઠકની વ્યાસપીઠે સુંદરકાંડનો પાઠ વેદ ઈન્ટરનેશનલ સ્કુલ કામેશ્વર કેંમ્પસ, શ્રેયા-શ્રેયસ હોસ્ટેલની સામે સરગાસણમાં રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

અરવિંદ કેન્દ્ર ગાંધીનગર દ્વારા વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૦

યુનેસ્કો દ્વારા જાહેર કરવામાં આવેલ વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી પ્રસંગે અરવિંદ કેન્દ્ર સેક્ટર-૨૩ ખાતે આજે તારીખ ૨૧ ફેબ્રુઆરી-૨૦૧૩ને ગુરૂવારના રોજ સાંજે ૫.૩૦થી ૮ વાગ્યા દરમિયાન શાસ્ત્રીય નૃત્ય તથા કેન્દ્રના વિશારદના વિદ્યાર્થીઓ દ્વારા ગીત-ગુંજન કાર્યક્રમ હેઠળ ગુજરાતી કાવ્ય સંગીતની જાણીતી રચનાઓ રજુ કરવામાં આવનાર છે. આ પ્રસંગે અરવિંદ કેન્દ્ર તરફથી સંગીતપ્રેમી શ્રોતાજનોને નિમંત્રણ પાઠવવામાં આવે છે.

ગાંધીનગર સ્વીમીંગ એકેડમીનાં સ્વીમર્સનો ખેલ મહાકુંભની ફાયનલમાં સુંદર દેખાવ

ગાંધીનગર, તા.૨૦

તાજેતરમાં સરદાર પટેલ સ્ટેડીયમ સ્વીમીંગ પુલ અમદાવાદ મુકામે ગત તારીખ ૧૨ અને ૧૩ ફેબ્રુઆરીનાં રોજ યોજાયેલ ખેલ મહાકુંભ ૨૦૧૨ની સ્વીમીંગ હરિફાઈમાં ગાંધીનગર સ્વીમીંગ એકેડમીનાં સ્વીમરોએ અભૂતપૂર્વ દેખાવ નોંધાવ્યો છે.

જેમાં સ્વીમીંગની ફાઈનલમાં રાજીન્દરસીંગ આનંદે અન્ડર-૧૬ની ભાઈઓની સ્પર્ધામાં ૧૦૦ મી. બેક સ્ટ્રોકમાં સિલ્વર મેડલ તેમજ ૫૦ મી. અને ૨૦૦ મીટર બેક સ્ટ્રોકમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. એ જ પ્રમાણે અન્ડર-૧૬ બહેનોની સ્પર્ધામાં ઝીલ મોદીએ ૫૦ મી., ૧૦૦ મી. અને ૨૦૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોકમાં ફુલ ત્રણ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. તેમજ એબવ-૧૬ બહેનોની સ્પર્ધામાં સૌમ્ય જોષીએ ૫૦ મી. ફ્રી સ્ટાઈલમાં સિલ્વર મેડલ અને ૧૦૦ મી. તેમજ ૨૦૦ મી. ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ હાંસલ કરેલ છે.

આ સુંદર દેખાવ બદલ ઈન્ફોસીટી કલબ મેનેજમેન્ટ તેમજ ગાંધીનગર સ્વીમીંગ એકેડમીના સીનીયર કોચ નિતિશભાઈ શેઠ તેમજ કોચ ચિરાગ ચેબાએ વિજેતાઓને ખુબ ખુબ અભિનંદન પાઠવેલ છે અને આશા વ્યકત કરી છે કે આવનાર દિવસોમાં ગાંધીનગરમાં હજુ પણ વધુ સ્વીમરો તૈયાર થશે અને વધુ સુંદર દેખાવ કરશે.

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ગજાનન સેવા સમિતિ દ્વારા ૧ લાખ બાળકોની આરોગ્ય તપાસણી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજયના વિવિધ વિસ્તારોની શાળાના વિદ્યાર્થીઓની આરોગ્યની ચકાસણી કરી તા. ૨૨-૧-૧૨ સુધીમાં એક લાખ બાળકોને તપાસ્યા છે. જે સરાહનીય બાબત છે.

ગજાનન સેવા સમિતિએ આજ દિન સુધી ૧૪ જિલ્લા, ૨૮ તાલુકા, ૬૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ૮૭૧ શાળાના કુલ ૧૦૭૦૯૬ બાળકોને તપાસી દવા આપી છે. આ સેવાયજ્ઞમાં ડૉ. કૃષ્ણાનંદ ચિતાણીયા સતત ૧૬ વર્ષથી સાથે છે. આ ઉપરાંત તેમની સાથે ૨૧ ડૉક્ટરો સમય પ્રમાણે સેવામાં જોડાતા ગયા હતા. સરકારના કાર્યક્રમમાં ગુજરાતની એક માત્ર સંસ્થા ગજાનન સેવા સમિતિ છે. આ સંસ્થાના પ્રમુખ મિલિન્દ પ્ર. ગુપ્તે સેવામાં સાથે રહેલા કાર્યકર્તા અને આ યજ્ઞમાં સહભાગી થયા તે બધાનો આભાર માને છે. સરકારના આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં બે લાખનો આંક આનાથી અડધા સમયમાં સંસ્થા પૂર્ણ કરશે. તેમ સંસ્થા સંકલ્પ કરે છે. આરોગ્ય વિભાગના અધિક નિયામક ડૉ. પરેશ દવે, નાયબ નિયામક ડૉ. ધોળકિયા, ડૉ. સુતરીયાએ સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા.

રાસબિહારી દેસાઈને સ્મરણીયે અર્પતો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧માં આવેલ માઉન્ટ કાર્મેલ શાળાના હોલમાં આગામી તા. ૨૪મી ફેબ્રુઆરી-૨૦૧૩ને રવિવારના રોજ સાંજે ૪.૧૫ કલાકે 'મૂર્ધન્ય કલાકાર શ્રી રાસબિહારી દેસાઈને સ્મરણીયે શિવરંજની સંસ્થા દ્વારા સ્વરાંજલિ કાર્યક્રમ યોજાશે. જેમાં કલાકાર વિભાબેન દેસાઈ, અમર ભટ્ટ, ગાર્ગી વોરા, સોનિક સુથાર અને હસમુખ બારોટ સહિતના કલાકારો સંગીતની સૂરાવલી લહેરાવશે. આ કાર્યક્રમમાં સૌ ભાવકોને પધારવા સંસ્થા દ્વારા જણાવ્યું છે.

વિશ્વ માતૃભાષા દિવસ : ૨૧ ફેબ્રુઆરી

પ્રાસંગિક

૨૧મી ફેબ્રુઆરીનો દિવસ સમગ્ર વિશ્વમાં 'માતૃભાષા દિવસ' તરીકે ઉજવામાં આવે છે. ગુજરાતમાં અંગ્રેજી ભાષામાં શિક્ષણની સામે માતૃભાષામાં શિક્ષણનું મહત્ત્વ દિન-પ્રતિદિન ઘટતું જાય છે. માતૃભાષાએ શ્રેષ્ઠ ભાષા છે, લોહીનો ધબકાર છે, બાળકોને તેની પ્રાદેશિક ભાષા, જન્મભાષામાં જ શિક્ષણ આપવું જોઇએ. શ્રી રવીન્દ્રનાથ ટાગોરે પણ બાળકોને નાનપણથી માતૃભાષાનું જ શિક્ષણ આપવું જોઇએ એવો આગ્રહ રાખ્યો હતો. બાળકની જન્મભાષા તેના અધ્યયન, અધ્યાપનમાં પ્રભાવ પાડનારૂં મહત્ત્વનું પરિબળ છે. એક સર્વેક્ષણ મુજબ અંગ્રેજી માધ્યમમાં ભણનારા બાળકો કરતાં પોતાની માતૃભાષામાં ભણનારા બાળકો છ વર્ષ વહેલા શીખી શકે છે. મહાત્મા ગાંધીજી એ માતૃભાષાને જનેતાના ધાવણતુલ્ય દર્શાવી છે. વિશ્વમાં ચીન, ફ્રાન્સ, જાપાન, જર્મની, ઇટાલી સહિત કેટલાય એવા દેશો છે કે જ્યાં તેમની માતૃભાષામાં જ શિક્ષણ આપવામાં આવે છે. અહીં બાળકને ૧૬મી સદીમાં ધકેલાઇ જવાની વાત નથી, અહી તો બાળકને સમજો તેની માંગ અને જરૂરિયાત પ્રમાણે શિક્ષણ આપવાનો પ્રયાસ માત્ર છે. ૨૧મી સદીમાં અંગ્રેજી જેવી વિશ્વભાષા અને કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું ખુબ જ જરૂરી છે પણ માધ્યમ તરીકે તો માતૃભાષામાં જ શિક્ષણ મળે તે વધારે જરૂરી છે.

ગાંધીજીએ કહ્યું હતું કે "અંગ્રેજી ભાષાનાં શબ્દોની જોડણી ખોટી કરતાં આપણને શરમ લાગે છે. તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઇએ." આજે અંગ્રેજીના વૈશ્વિક આક્રમણ સાથે વિશ્વની ૭૦૦૦ પૈકી અડધો અડળ ભાષાઓ લુપ્ત થવાની તૈયારીમાં છે. આજે ૨૧મી ફેબ્રુઆરીએ માતૃભાષા દિન નિમિત્તે આપણે સૌ કોઇએ સંકલ્પ કરવો જોઇએ કે બાળક માતૃભાષામાં શિક્ષણ મેળવે.

- જયદેવસિંહ એ. ઝાલા

પોપટલાલ એસ. પટેલની નગરપાલિકા પરિષદના પ્રમુખ પદે ત્રીજીવાર વરણી

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત નગરપાલિકા પરિષદ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા શામળાજીમાં યોજવામાં આવી હતી. નગરપાલિકાઓના પ્રમુખ અને પ્રતિનિધિઓના ટેકાથી તેમજ માજી ધારાસભ્ય મણીભાઈ ગાંધીની દરખાસ્તની પોપટલાલ એસ. પટેલની સતત ત્રીજી વખત સર્વાનુમતે વરણી કરવામાંઆવી. કારોબારી રચવાની સત્તા સર્વાનુમતે આપવામાં આવી. લાલજીભાઈ પાંજરી પોરબંદર, વસંતભાઈ કોડરાણી અંજાર, દશરથભાઈ અમીન દહેગામ, પ્રવીણભાઈ ગઢવી પાલીતાણા, મનસુખભાઈ પટેલ પાટણ, જે.ડી. પટેલ હિંમતનગર, હર્ષાબેન મહેશ્વરી પાલનપુર, ઓધવજી પટેલ વિરમગામ વગેરેએ ઉપસ્થિત રહ્યાં હતાં તેમ કાર્યાલયમંત્રી રણજિત દેસાઈએ જણાવેલ છે.

સમાજમાં, રેડઅંકલ જેવા 'પરદુ:ખભંજક' માણસો ઘણા હોય છે, એ સામેની વ્યક્તિને ગમતો કે નહીં તેની પરવા કર્યા વિના સલાહ સૂચનો આપ્યે જ રાખી, બીજાને મદદરૂપ થવાનો આનંદ-સંતોષ અનુભવે છે... પછી સામેની વ્યક્તિનું જે થવું હોય તે થાય!!

ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

"પનુભાઈ, ઉંમર થાય એટલે 'નાઈટ'માં લાઈટ ખોરાક જ લેવો જોઈએ... હું ને તમારી કાકી તો કોઈને ત્યાં કે લગ્નપ્રસંગ પાર્ટીમાં જમવાનું હોય એ સિવાય ઘરે લાઈટ ભોજનથી જ ચલાવી લઈએ છીએ..."લાલાકાકા ઉવાચ

સવારના પોરમાં અચાનક અમારા કિચનમાં બંધ થઇ ગયેલા "ગેસ સપ્લાય" ના પ્રશ્ને અમે ચિંતાતુર હતા ત્યાં જ ઓટલે લાલાકાકાની રાબેતા મુજબની હાઇ વોલ્યુમ આલબેલ સંભળાઇ : "પનુભાઇ, ઘરમાં છો કે નહીં યાર?"

"હા!" ગેસ બંધ હોવાથી ચાનો હજી મેળ ન પડ્યો હોવાથી અને આ નવી ઉપાધિ કેમ ઉકેલશું'ની ચિંતા હોવાથી અમારાથી જરા ચીડમાં બોલાઇ ગયું : "અમને સવાર સવારમાં તમારી જેમ બહાર ભટકવાની આદત નથી એટલે હજી ઘરમાં જ છીએ... પધારો અંકલ!!"

પણ આ (બીજાના ઘરે પહોંચી જવામાં, મફતિયા ખાવા-પીવાની બાબતમાં...) તદ્દન નિરભિમાની - નિસ્પૃહી માણસને અમારા 'વેલકમ'ની અપેક્ષા જ ક્યારે હતી? એણે તો અમારા હિંચકે ગણપતિ બાપાની જેમ ગોઠવાઇ જઇ, મફતિયા ન્યૂઝ પેપરનો ક્રસ કાઢવાનો ઉદ્યમ આરંભી જ દીધો હતો.

અમે બહાર આવી ખુરશીમાં બેસતાં પુન: કહ્યું : "પધારો, લાલાકાકા..."

"પનુભાઇ, નો ફોર્માલિટી... હું ક્યાં મહેમાન છું, હેં..."

"હા. એમ સાચું... તમે ક્યાં કોક દિવસ આવો છો!" અમે બબડ્યા ને પછી ઉમેર્યું : અંકલ, તમારા પેલા ઘોસ્ટ યાને કે ગેસ્ટ ગયા?

"હા... તમારી અંકલી સોરી કાકીનો ભત્રીજો અંતે ગયો." રેડ અંકલે રાહતના દમ સાથે કહ્યું ત્યારે એમનાં મુખારવિંદ પર ફરી પહેલાં જેવી ખુશી ચમકતી નજરે પડી. માથે પડેલાં મહેમાનને લીધે દુ:ખી થઇ ગયેલા કાકાનાં અવાજમાંય બકરીને બદલે સિંહ જેવો ઓરીજીનલ રણકો સંભળાવા માંડ્યો હતો એ અમે નોંધ્યું.

"ગુડ... અંકલ, કેવું રહ્યું એનું પેલું ટી.વી. ચેનલના રિયાલીટી શો માટેનું ઓડિશન?" અમે જાણવા પ્રયત્ન કર્યો.

"હં..." સહેજ તિરસ્કારયુક્ત ઉદ્ગાર સાથે લાલાકાકા ઉવાચ :

"કેવું રહે એનું ઓડિયન્સ, હેં?" પનુભાઇ, તમે પણ એને લેડીઝ સ્ટાઇલમાં ગાંગરતો સાંભળ્યો જ હતો ને?''

"કાકા, એ ખરૂં પણ... એને કેવું લાગ્યું ઓડિશનમાં?"

"એ મૂરતિયો - અમારો મૂર્ખ મહેમાન ભત્રીજા નંબર વન ઘરે આવીને કહે, ફુઆ મેં ગાવાનું શરૂ કર્યું. એ સાથે જ ત્યાં હાજર બધાએ તાળીઓ પાડવા માંડેલી, મ્યુઝિશિયનને જજીસ હસવા લાગેલા... એવું એમને મારૂં ગાવાનું ગમી ગયેલું..."

"હેં?"

"હા... પનુભાઇ, એ ડફોળને કોણ સમજાવે કે નેતાના ભાષણથી કંટાળેલા લોકો એમને બેસાડી દેવા માટે ચ તાળીઓ પાડતા હોય છે... અને જજીસના હસવાનો મતલબ પણ... કહેતો હતો કે હું સીલેક્ટ થઇ જઈશ... હં..."

"પણ કાકા, એ અત્યારે તો ખુશ થઇને ગયો ને?" અમે એ વાતને પૂર્ણ વિરામ આપવા બોલ્યા પણ અંકલના દિમાગમાં કાકીના મશિયાઇ ભાઇનો દીકરો ભત્રીજો નિરવ હજી ઘૂમરાયા કરતો હતો એટલે એમણે પાછું એ જ અંકલને નયા જમાનાની વાસ્તવિકતાનું દર્શન કરાવતું ભાષણ આપી દીધું...

રેડ અંકલ થોડીવાર પોતાની પૂળા જેવી મૂછો ચાવતા અને માથા પરની ટાલ ઉપર અવશેષ રૂપ બચેલા ચાર-છ વાળ ઉપર હાથ ફેરવતા અમને સાંભળી રહ્યા... પછી ઊંડો શ્વાસ લઇને બોલ્યા : "એની કોણ ના પાડે છે, હેં? પણ પનુભાઇ, માણસે પોતાની ટેલેન્ટ - આવડતનો ખ્યાલ તો હોવો જોઇએ ને? આ અમારા નિરવને એની કઇ આવડત પર કેવો અવળો વિશ્વાસ છે..."

"ને પનુભાઇ, એ તો કહીને ગયો છે કે એને એક્ટીંગ પણ આવડે છે એટલે પાછો આવીને પનુભાઇને પકડીશ કે ક્યાંક ચાન્સ અપાવે...."

"હેં?"

"હા... હવે એ આવશે ત્યારે તમને જ ભળાવી દઇશ. પછી બતાવી આપજો એને નવી લાઇનમાં કેરિયર... હોં." અંકલ દાઢમાં બોલ્યાં ને એ સાંભળી અમને આવનારા દિવસોમાં આવી પડનારી ઉપાધિનો ડર અત્યારથી ધ્રૂજાવી ગયો.

"જવા દો, પનુભાઇ... બીજું શું ચાલે છે?"

"શું ચાલવાનું, કાકા... તમારી ગેસ્ટ ટ્રબલ ઓછી થઇ ને અહીં આજે અમારે 'ગેસ ટ્રબલ' ઊભી થઇ છે..." અમે અમારી ઘરની મૂળ તકલીફ વિશે માહિતી આપતાં કહ્યું.

પણ પૂરૂં સાંભળ્યા - સમજ્યા વિના જ પોતાનું ઝૂડવામાં ચેમ્પિયન રેડ અંકલ બોલી ઊઠ્યા : "અચ્છા, એટલે તમારે ત્યાં ગેસ્ટ-મહેમાન આવ્યા છે, એમને?"

"અંકલ, ગેસ્ટ નહીં - ગેસ ટ્રબલની વાત કરૂં છું."

"અહોહો... એમ કહોને કે પેટમેં ગડબડ હૈ... ગેસ થઇ ગયો છે ને? ખાવામાં ધ્યાન રાખવું જોઇએ, પનુભાઇ..."

"અરે પણ અંકલ..." અમે સ્પષ્ટતા કરવા પ્રયત્ન કર્યો પણ સાંભળે કે ચૂપ રહે તો પછી લાલાકાકા શાનાં? એમણે અમને પૂરૂં બોલવાનો ચાન્સ આપ્યા વિના જ પોતાનું ઝૂડવા માંડ્યું : પનુભાઇ, ઉંમર થાય પછી માણસે ખાવા-પીવામાં ખૂબ કાળજી રાખવી જ પડે. એમાં પણ નાઇટમાં તો સાવ લાઇટ ખોરાક જ લેવો જોઇએ તો નડે નહીં... ગેસ થાય નહીં...''

અમારી જે ગેસ ટ્રબલ હતી તેને પેટનાં ગેસની ગડબડ માની લઇ અંકલે ચલાવ્યું : "જુઓ, હું ને તમારાં કાકી, કોઇને ત્યાં કે લગ્નપ્રસંગ - પાર્ટીમાં જમવાનું હોય એ સિવાય ઘરે તો રાત્રે ફક્ત ખીચડી-છાશ કે ભાખરી-શાક જ લઇએ છીએ..."

"ખબર છે... તમે પેટની પીડાને લીધે નહીં પણ પૈસા બચાવવા જ ઘરે 'લાઇટ' ને પારકાંને ત્યાં 'ટાઇટ' થઇને ઝાપટો છો..." અમારાથી અંકલના કાને ન પડે એમ બબડી જવાયું...ને પછી ફરી એમને સમજાવવા પ્રયત્ન કર્યો : "તમારી વાત સો ટકા સાચી પણ અમને..."

"ચિંતા ના કરો... પહેલાં કહો કે પેટમાં ભારે ભારે લાગે છે કે ચૂંકાય પણ છે? એમણે ડોકટરની જેમ તપાસ આરંભી."

એવું કશું નથી, કાકા... આ તો...

"હં... ખાલી વાયુ પ્રકોપ છે એમ જ ને... ફિકર નોટ... આપણી પાસે બધાં દર્દનો સરસ ઇલાજ છે, પનુભાઇ..." કાકાએ જાતે ડોકટર બનવા માંડ્યું.

"પણ અંકલ..." અમે કશું આગળ બોલીએ એ પહેલાં કાકાએ ઉપાયોની પોટલી ખોલી : "જુઓ પનુભાઇ, ઘરમાં ખાવાનો સોડા હતો જ એને લીંબુ - મીઠા સાથે પાણીમાં ઓગાળી, ઊભરો આવે એટલે એક ઝાટકે પી જવાનો... એટલે ગેસ ગાયબ..." લાલાકાકાએ જાણે અમે જિંદગીમાં સોડા પીધી જ ન હોય એ રીતે માર્ગદર્શન આપવા માંડ્યું : "અને હિંગાવટી કે હવાબાણ હરડેની ગોળીઓ ખાઇ લો... તરત ફેંસલો!!"

દરેક બાબતમાં પણ જોઇતી - વણમાગી સલાહ આપવામાં એક્કા અંકલે અમારી તરફ એટલે કે અમારા રીએકશન તરફ ધ્યાન આપ્યાં સિવાય જ એમની એડવાઇઝનો વણથંભ્યો પ્રવાહ ચાલુ રાખ્યો : "પનુભાઇ, નાની નાની તકલીફોમાં તો આપણે એલોપથી દવાને અડવું પણ ના જોઇએ. ન છૂટકે જ એ લેવાની. સામાન્ય બીમારીમાં તો ઘરગથ્થું ઇલાજો ને આયુર્વેદિક ઉપચારો જ સારા... કેમ કે એમાં એની કોઇ આડઅસર હોતી નથી. એલોપથી દવામાંથી તો એક તકલીફ મટે ને એની આડ ઇફેક્ટ પરેશાની વધારે... 'બકરૂં કાઢતાં ઊંટ પેસે' જેવો ઘાટ થાય છે..."

હવે અંકલને કેમ સમજાવવું કે તમારી સાથે અત્યારે અમારે ય બકરૂં કાઢતાં ઊંટ પેઠા જેવો જ ખેલ થયો છે. અમે અમારી વાત સમજતાં - સાંભળવા તૈયાર નથી એટલે - અમે કહ્યું : "રાઇટ અંકલ, આયુર્વેદ દવા જ સારી પરંતુ અમારે ત્યાં જ અત્યારે..."

"ઘરમાં સોડા કે હિંગાવટી નથી, એમ જ ને? નો પ્રોબ્લેમ. હીંગ તો રસોડામાં હોય જ... એ તો રસોઇની રાણી કહેવાય... થોડી હીંગ પાણીમાં મીક્ષ કરી, પેસ્ટ જેવું બનાવી, પેટ પર ડૂંટીની આજુબાજુ લેપ કરી દેવાનો... ચપટીમાં વાઘૂત થઇ જશે... તમારી ગેસ ટ્રબલ ગાયબ. પનુભાઇ, હું બેઠો હોઉં પછી ત્યારે ચિંતા કરવાની જ ન હોય... આપણી પાસે આવા તો હજારો નુસખા છે, શું સમજ્યા?"

આમાં અમારે નહીં પણ રેડ અંકલે જ સમજવાનું હતું કે અમારી તકલીફ શું છે એ શાંતિથી સાંભળે પણ એ તો તક આપ્યાં વિના જ બોલ્યે જતા હતા... ને એથી કંટાળેલાં અમારાથી કપાળ કૂટાઇ ગયું : "ઓહ!"

પણ તેનો નવો જ પોતાને માફક આવે એવો અર્થ કાઢતાં લાલાકાકા બોલી ઊઠ્યાં : "સમજી ગયો... ગેસના લીધે માથું પણ દુખવા માંડ્યું છે, રાઇટ? એ તો દુખવાનું જ... પેટમાં ગરબડ - ગેસ - અપચો થાય એટલે માથું પકડાય જ."

"એવું નથી, કાકા." અમારે કહેવું હતું કે ગેસ ટ્રબલના લીધે નહીં પણ તમારી બકબકથી ને ઝૂડાઝૂડથી અમારૂં માથું ફાટફાટ થાય છે! પણ અમે કાંઇ વધુ કહીએ તે પહેલાં અંકલ પુન: ઉવાચ : "એવું કેમ નથી, પનુભાઇ? આપણી એંસી ટકા બિમારીનું મૂળ પેટની ગડબડ જ હોય છે. એટલે એને લાઇટલી લેવી જોઇએ. તમારે ફટાફટ ગેસ ટ્રબલ દૂર કરવા હું કહું એમ કરવું જ પડશે, ચાલો..."

સમાજમાં લાલાકાકા જેવા 'પરદુ:ખભંજક' ઘણા જોવા મળે છે. આવા લોકો સામેની વ્યક્તિ શું કહે છે - સાચી વાત શું છે તે જાણવા - સમજવાની દરકાર કર્યા વગર જ પોતે શું જાણે છે ને શું માને છે ની વાત કર્યા કરતા હોય છે... સામેની વ્યક્તિને એ ગમતો કે નહીં નહીં ગમે તેની પરવા આવા 'પરદુ:ખભંજકો'ને લેશ માત્ર હોતી નથી. એ તો સલાહ-સૂચનોનો પટારો ખોલી એક પછી એક પડીકીઓ પકડાવતા રહે છે... પછી ભલે ને સામેવાળો વધારે દુ:ખી બની જાય.. એમને તો સંતોષ ને આનંદ કોઇકને મદદરૂપ બનવાનો હોય છે!!

પણ હવે અમારી સહનશક્તિની હદ આવી ગઇ હતી. સવારની ચા વગર માથું ફાટફાટ થતું હતું એમાં લાલાકાકા ઉમરો કરતા હતા.

"પનુભાઇ, એક બીજો ઉપાય છે... ગરમાગરમ ચામાં ગંઠોડા મંગાવો..." કાકાએ એમની 'ગુડ મોર્નિંગ' મફતિયા 'ટી' યાદ કરાવતાં કહ્યું એટલે અમે મોટેથી બોલી ઊઠ્યા : "લાલાકાકા, આજે આ નહીં મળે..."

"હેં?"

"હા... આજે અમારે ત્યાં આ નહીં બને કેમ કે અમારે ત્યાં ગેસ ટ્રબલ છે..."

"એટલે?"

"એટલે એમ કે અમને પેટના ગેસની ટ્રબલ નથી પણ અમારો ગેસ બંધ છે, તેની ટ્રબલ છે... એટલે ચા બની શકે એમ નથી...

આ શું - આજે તો જમવાનું પણ ગેસ રીપેર નહીં થાય ત્યાં સુધી નહીં બની શકે... અમારી આ તકલીફનો ઉપાય એક જ છે કે આજે અમે બંને સવારની ચા ને બપોરનું જમવાનું તમારે ત્યાં રાખીએ..."

"હેં?" સપડાયેલા રેડ અંકલના ચહેરાની ચમક આ સાંભળી ફિક્કી પડતી અમે નોંધી.